ટ્રમ્પની વિવાદાસ્પદ ટિપ્પણીથી જાપાનના PM અસ્વસ્થ

અંગ્રેજીના વખાણથી શરૂ થયેલી પ્રેસ બ્રીફીંગ પર્લ હાર્બરના વિવાદ પર પૂરી થઈ, ટ્રમ્પની શૈલીએ ફરી દુનિયાને ચોંકાવી

વ્હાઇટ હાઉસની પ્રેસ બ્રીફિંગમાં ટ્રમ્પનો આકસ્મિક કટાક્ષ; ઈરાન પરના હુમલાના પ્રશ્ને 1941ના ઐતિહાસિક જખમ ઉખેળ્યા

વોશિંગ્ટન, તા. 20: ગુરુવારે વ્હાઇટ હાઉસમાં યોજાયેલી પ્રેસ બ્રીફિંગ દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને જાપાનના વડા પ્રધાન સાનાએ તાકાઈચી વચ્ચેની મુલાકાત ચર્ચામાં આવી હતી. શરૂઆતમાં ટ્રમ્પે તાકાઈચીના અંગ્રેજી પ્રભુત્વના વખાણ કરી 'ટ્રાન્સલેશનની જરૂર નથી' તેવી હળવી મજાક કરી વાતાવરણ હળવું રાખ્યું હતું. આ પહેલાં એક બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે ઉર્જા પ્રોજેક્ટ્સ અને મહત્વના ખનિજો અંગેના કરારો પણ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ, ઈરાન પરના હુમલામાં સાથી દેશોને કેમ જાણ ન કરી તેવા પ્રશ્નનો જવાબ આપતી વખતે ટ્રમ્પે અચાનક વર્ષ 1941ના પર્લ હાર્બર હુમલાનો સંવેદનશીલ સંદર્ભ આપ્યો હતો. તેમણે તાકાઈચી તરફ ફરીને વ્યંગમાં કહ્યું, 'અમે સરપ્રાઈઝ ઈચ્છતા હતા અને જાપાનથી વધુ સરપ્રાઈઝ વિશે કોણ જાણે? તમે મને પર્લ હાર્બર વિશે કેમ નહોતું જણાવ્યું?' આ ઐતિહાસિક ટિપ્પણી સાંભળીને તાકાઈચી દેખીતી રીતે અસ્વસ્થ જણાયા હતા અને અજંપો અનુભવતા હોય તેમ લાગતું હતું. ત્યાં હાજર પત્રકારો પણ ટ્રમ્પના આશ્ચર્યજનક જવાબથી પ્રતિક્રિયાઓ આપવા લાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પર્લ હાર્બર હુમલામાં 2,400થી વધુ અમેરિકનો માર્યા ગયા હતા, જેના જવાબમાં અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી પર પરમાણુ બોમ્બ ફેંક્યા હતા.

» પવિત્ર રમઝાન માસના રોઝા પૂર્ણ થયા બાદ શુક્રવારે વિશ્વભરમાં મુસ્લિમ સમુદાય દ્વારા ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ દેશોમાં ઈદગાહ અને મસ્જિદોમાં લાખો શ્રદ્ધાળુઓએ એકત્રિત થઈને ઈદની વિશેષ નમાઝ અદા કરી હતી અને પરસ્પર ભાઈચારાનો સંદેશો આપ્યો હતો. ઈજીપ્તની રાજધાની કૈરોમાં ઈદ-ઉલ-ફિત્રનો માહોલ અત્યંત ભક્તિમય રહ્યો હતો. અહીં અલ-સેદીક મસ્જિદની બહાર હજારો મુસ્લિમ શ્રદ્ધાળુઓએ ખુલ્લા આકાશ નીચે એકઠા થઈને ઈદની નમાઝ અદા કરી હતી.

ઈરાનના ગેસ ક્ષેત્રો પરના હુમલાથી અમેરિકા નારાજ

ટ્રમ્પ અને નેતન્યાહુ વચ્ચે મતભેદ

ટ્રમ્પે નેતન્યાહુને ઈંધણ માળખા પર વધુ હુમલા ન કરવા ચેતવણી આપી

ઈરાનની ધમકી - હવે હુમલા થશે તો સાથી દેશોના ઊર્જા મથકો નષ્ટ કરી દઈશું

નવી દિલ્હી, તા. 20: ઈરાનના દક્ષિણી પારસ ગેસ ફિલ્ડ પર ઈઝરાયેલના હુમલા બાદ વૈશ્વિક ઊર્જા બજારમાં ભારે અફરાતફરી મચી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ હુમલા અંગે તેમને કોઈ જાણ નહોતી અને તેમણે બેન્જામિન નેતન્યાહુને હવે પછી કોઈ ગેસ ક્ષેત્રો પર હુમલો ન કરવા ચેતવણી આપી છે. ટ્રમ્પે જણાવ્યું કે, 'મેં તેમને કહ્યું છે કે આવું ન કરો, અને તે હવે નહીં કરે.'

બીજી તરફ, નેતન્યાહુએ અમેરિકાને યુદ્ધમાં ધકેલવાના આરોપોને 'ખોટા સમાચાર' ગણાવ્યા છે અને કહ્યું કે 'શું કોઈ પ્રમુખ ટ્રમ્પને કહી શકે કે તેમણે શું કરવું જોઈએ'. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે ઈઝરાયેલે પોતાની રીતે ઈરાનના ગેસ ફિલ્ડ પર આ કાર્યવાહી કરી છે. આ દરમિયાન, ઈરાને વળતો પ્રહાર કરતા ઈઝરાયેલ, કુવૈત, કતાર અને સાઉદી અરેબિયાના ઊર્જા મથકો પર મિસાઈલ હુમલા કર્યા છે. કતારના વિશ્વના સૌથી મોટા એલએનજી પ્લાન્ટ પર થયેલા હુમલાને કારણે ગેસના ભાવમાં 35 ટકાનો તોતિંગ વધારો થયો છે.

સાઉદી અરેબિયાએ પણ ઈરાન પર વિશ્વાસઘાતનો આરોપ લગાવી લશ્કરી કાર્યવાહીની ચીમકી આપી છે. અમેરિકી ગુપ્તચર વડા તુલસી ગબ્બાર્ડે સ્વીકાર્યું છે કે અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધના લક્ષ્યો અલગ હોઈ શકે છે.

ઈરાને ચેતવણી આપી છે કે જો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફરી હુમલો થશે, તો તે સાથી દેશોના ઊર્જા મથકોનો સંપૂર્ણ વિનાશ કરશે.

અનિલ અંબાણીની CBI દ્વારા સતત બીજા દિવસે 7 કલાક સુધી પૂછપરછ

RCom લોન ફ્રોડ કેસ: 2,929 કરોડની છેતરપિંડીના આરોપમાં તપાસનો ધમધમાટ; ફંડ ડાયવર્ઝન અંગે સવાલોના મારો

નવી દિલ્હી, તા. 20 માર્ચ: રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ સાથે જોડાયેલા 2,929 કરોડના લોન છેતરપિંડીના કેસમાં ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓ વધી રહી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ શુક્રવારે સતત બીજા દિવસે અનિલ અંબાણીની સાત કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી હતી. અનિલ અંબાણી સવારે 10 વાગ્યે CBI હેડક્વાર્ટર પહોંચ્યા હતા અને સાંજે 5:15 વાગ્યે બહાર નીકળ્યા હતા. ગુરુવારે પણ તેમની 8 કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

ક્રિપ્ટો એક્સચેન્જો માટે તમામ વ્યવહારોની માહિતી ટેક્સ વિભાગ સાથે શેર કરવી ફરજિયાત

નવો ઈન્કમ ટેક્સ કાયદો: 1 એપ્રિલથી બદલાશે નિયમો

પગારદારોને HRAમાં મોટી રાહત

પણ મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધો જાહેર કરવા ફરજિયાત અમદાવાદ સહિત 8 શહેરોમાં 50% HRA માફી; રોકડ વ્યવહારો માટે PAN ની મર્યાદામાં મોટો વધારો

નવી દિલ્હી, તા. 20: સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) દ્વારા શુક્રવારે 'ઈન્કમ ટેક્સ નિયમો, 2026' જાહેર કરવામાં આવ્યા છે. 1 એપ્રિલ, 2026 થી અમલી બનનારા આ નવા નિયમો ગત વર્ષે સંસદમાં પસાર થયેલા સરળ ડાયરેક્ટ ટેક્સ કાયદાનો ભાગ છે. 60 વર્ષ જૂના 1961ના કાયદાના સ્થાને આવેલા આ નવા નિયમોમાં ભાષા સરળ કરવામાં આવી છે અને કરદાતાઓ માટે અનેક મહત્વની જોગવાઈઓ બદલાઈ છે.

મુખ્ય ફેરફારો એક નજરે:

HRAમાં મોટો ફાયદો: અત્યાર સુધી માત્ર મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નાઈમાં જ 50% HRA એક્ઝેમ્પશન મળતું હતું. હવે આ યાદીમાં અમદાવાદ, પુણે, બેંગલુરુ અને હૈદરાબાદનો ઉમેરો થયો છે. એટલે કે આ 8 શહેરોમાં રહેતા પગારદારોને પગારના 50% સુધી HRA માફી મળશે. જોકે, મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધોની સ્પષ્ટતા કરવી હવે ફરજિયાત રહેશે.

ભાડાની વિગતોમાં પારદર્શિતા: હવેથી HRA (હાઉસ રેન્ટ એલાઉન્સ) માં ટેક્સ મુક્તિ મેળવવા માટે મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધો જાહેર કરવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે.

૬ વર્ષ બાદ લિપુલેખ પાસથી ભારત-ચીન સરહદ વેપાર ફરી શરૂ થશે

કોરોનાને લીધે બંધ પડેલા હિમાલયી વેપાર માર્ગને કેન્દ્ર સરકારની લીલી ઝંડી; જૂન ૨૦૨૬થી શરૂ થશે ટ્રેડ સેશન

પિથોરાગઢ, તા. ૨૦, (PTI): ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલા ઐતિહાસિક લિપુલેખ પાસ દ્વારા ભારત અને ચીન વચ્ચેનો સરહદી વેપાર આ વર્ષે ફરી શરૂ થવા જઈ રહ્યો છે. આ વેપાર ૬ વર્ષના લાંબા અંતરાલ બાદ પુનઃજીવિત થશે. સરકારી મંજૂરી: પિથોરાગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગાઈએ જણાવ્યું કે, વિદેશ મંત્રાલય દ્વારા 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' (NOC) જાહેર કરવામાં આવ્યું છે.

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર **એડવોકેટશ્રી હસમુખ એન. પરમાર** તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઇશ અનવ્યે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, તેઓ **મોજે ગામઃ કઠોદરા, તા.હાંસોટ,જી.ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૧૯૯, જુનો બ્લોક/સર્વે નં.૧૨૫ અ, ક્ષેત્રફળ ૨-૩૨-૦૨ હે.આરે.ચો.મી.** તથા આકાર રૂા. ૧૭.૫૫ પૈસાવાળી ખેતીની જમીન વેચાણ લેવા માંગે છે. સદર **જમીનના માલીક કમળાબેન કેશવલાલ પટેલ વિગેરે**નાઓએ તેમના પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માલીકીનું અને ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવેલ છે. જેથી સદર ખેતીની જમીન અંગે કોઇપણ વ્યકિત કે સંસ્થાનો લાગ-ભાગ,હક્ક,હિત,હિસ્સો,દર-દાવો યા બીજી કોઇ રીતનો હક્ક કે કોઇપણ પ્રકારનો અધિકાર હોય તો સદર નોટીસ પ્રસીદ્ધ થયેથી **દિન-૭**માં લેખીતમાં પુરાવા સહીત વાંધાઓ રજુ કરવા, મુદત વિત્યે વાંધાઓ જો હોય તો જતા કર્યા છે. તેવા અનુમાનથી અમારા અસીલશ્રી જે તે માલીકને અવેજની રકમ ચૂકવીને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેશે, ત્યારબાદ કોઇની પણ તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઇશ મુજબ અમારી મારફતે

તારીખ : ૨૦-૦૩-૨૦૨૬
સ્થળ : હાંસોટ
મો.૯૬૩૮૧૮૬૬૨૨

હસમુખ એન. પરમાર(એડવોકેટ)

વેચાણ/ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત **અરુણકુમાર ઈશ્વરલાલ** નાએ પોતાની માલીકી, કબજા ભોગવટાની અને ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનું જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઇપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઇપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઇટસ, વારસા હક્ક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હક્ક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હક્ક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઇપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડિસ્ટ્રીકટ.સુરત, સબ-ડિસ્ટ્રીકટ.પલસાણા, મોજેગામ.કરણ ના ખાતા નં.૩૪૩, રે.સ.નં.૨૫/૧, બ્લોક નં.૩૨, ક્ષેત્રફળ હે.આરે.૦-૩૬-૩૮ ચો.મી. આકાર રૂા.૪.૦૦ પૈસા વાળી જુનીશરતની ખેતીની જમીન, તા.૨૧/૦૩/૨૦૨૬

અમારી સુચના થી.... અરુણકુમાર ઈશ્વરલાલ

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતના ગોપીપુરા, નાની છીપવાડમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નં. ૮, નોંધ નં. ૨૧૪૭/બ** થી નોંધાયેલી મીલકત, જેનું જમીનનું ક્ષેત્રફળ ૯૫.૧૩૩ ચો.મી. છે, જેનું મ્યુનીસીપલ દફતરે વપરાશનું ક્ષેત્રફળ કારપેટ એરીયા મુજબ ૧૭૬.૬૯ ચો.મી. તથા બીલ્ટઅપ એરીયા મુજબ ૨૧૨.૦૨૮ ચો.મી. વાળી મીલકતના માલીક (૧) **ચંપાબેન તે જયંતિલાલ જરીવાલાની** વિધવા વિગેરે છે. તેઓ સદરહુ મીલકતના ટાઈટલ કલીયર હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી બાનુંપણ સ્વીકારેલ છે. જેથી સદરહુ મીલકત અંગે કોઈ બેંક કે બેંક જેવી સંસ્થા, કે નાંણાકીય સંસ્થા યા કોઈ વ્યકિતનો હરકોઈ પ્રકારનો હકક, હિત, સંબધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે તથા સદર ઉપર જણાવેલ વર્ણનવાળી મીલકત ઉપર ધિરાણ આપવામાં આવેલ હોય તો તે બાબતે કોઈ વ્યકિતને કે બેંક કે બેંક જેવી સંસ્થાને વાંધો યા રજુઆત હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૩ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી જો આ પ્રકારે કોઈના વાંધા યા રજુઆત ન આવે તો મુદ્દત વીત્યે મજકુર મીલકત બાબતે કોઈ તરતકરાર નથી તેમ સમજીને સદરહું મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર નથી હોય તો ત્યજી દીધી છે. જેની સંબધિત સર્વે નોંધ લેવી.

મારી મારફત
મનસુખ જે. ચપડીયા (એડવોકેટ એન્ટ નોટરી)
સંદિપ એમ. ચપડીયા (એડવોકેટ)

ઠેકાણું : એમ-૬, રેવાવાળા ચેમ્બર્સ, કોટસફીલ મેઈનરોડ, સુરત.
મો.૯૮૨૫૦ ૫૨૯૫૪, ૯૯૯૮૪ ૮૦૦૬૯

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનુ કે, નીચે શીડયુલમાં જણાવેલ જમીન (૧) નેમુભાઈ જુઠાભાઈ બેલડીયા, રહે. : ૧૧૬, ગંગા જમના સોસાયટી, વરાછારોડ ચોપાટીની સામે, સુરત, (૨) ભુપતભાઈ કુરજીભાઈ વાવડીયા, રહે. : ૧૩૬, ગંગા જમના સોસાયટી, ચોપાટીની સામે, વરાછા રોડ, સુરત, (૩) **જયશ્રીબેન મોહનભાઈ ચલુડીયા,** રહે. ૨૮, રોયલપાર્ક, અલકાપુરી સર્કલ, કતારગામ, સુરત, (૪) ભરતભાઈ મોહનભાઈ ગોટી, રહે. ૯૯, ગંગા જમના સોસાયટી, ચોપાટીની સામે, વરાછા રોડ, સુરતનાઓ પાસેથી અમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. નીચે શીડયુલમાં જણાવેલ જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સા, લાગભાગ, હીસ્સો, કબજો, ગીરો, લીયન વિગેરે હોય, યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ મા લેખિત પુરાવાઓ સહીત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો ઉપર જણાવેલા માલીકો (૧) નેમુભાઈ જુઠાભાઈ બેલડીયા, (૨) ભુપતભાઈ કુરજીભાઈ વાવડીયા, (૩) **જયશ્રીબેન મોહનભાઈ ચલુડીયા,** (૪) ભરતભાઈ મોહનભાઈ ગોટી નાઓ સિવાય મજકુર જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સાઓ નથી અને હોય તો તે જતા કરેલ છે એટલે કે વેવ કરેલ છે તેમ ગણી મુદ્દત વિત્યેથી કોઈની તર-તકરાર કે વાંધો ચાલશે નહી, અને મુદ્દત વિત્યે અમારા અસીલ મજકુર શીડયુલમા જણાવેલ જમીન સંબંધેના પાકા વેચાણ દસ્તાવેજો કરાવી લેશે તેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

:: શિડયુલ ::

ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ : માંડવી, તાલુકાના મોજે ગામ તડકેશ્વરની સીમમાં આવેલ **બ્લોક નં. ૨૨૫૩** કે જેના ક્ષેત્રફળ હેકટર ૩-૯૦-૫૨ ચો.મી. આકાર રૂપિયા ૨૪.૩૮ પૈસા વાળી ખેતીની ઘરખેડની જુની શરતની જમીન તેને લાગતા વળગતા તમામ હકકો સાથે તેમજ તેમાં આવેલા તમામ પ્રકારના ઝાડ બીડ સાથે તેમજ તેમાં આવેલા તમામ પ્રકારના ઝાડ બીડ સાથે તેમજ ખેતી કામકાજ માટેના આવ જા કરવાના રસ્તાના હકકો સહિત.

ઠે.૩/૧૫૪૦,
આંબાવાડી કાલીપુલ,
સલાબતપુરા, સુરત.

હમારી મારફત **ચાસીર જે. જરીવાલા**
તે ખરીદનારના એડવોકેટ

મોજે : તરસાડી, તા. મહુવા, જી. સુરતના સર્વે નં. ૧૧૦, બ્લોક નં.૭૫ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ- ડીસ્ટ્રીકટ **મહુવા**ના મોજે ગામ **તરસાડીના સર્વે નંબર : ૧૧૦, બ્લોક નંબર : ૭૫** કે જેનુ જરાયત **ક્ષેત્રફળ સુમારે હે. ૨-૩૬ આરે-૬૪ ચો.મી.** કે જેનો આકાર રૂા.૨૨.૦૦ પૈસા, **ખાતા નંબર : ૧૭૩** છે તે ખેતીની જુની શરતની જમીન તેના માલીક **(૧) હંસાબેન દલુભાઈ, (૨) સપનાબેન તે કિરીટભાઈ દલુભાઈની વિધવા, (૩) અંકિતભાઈ કિરીટભાઈ, (૪) સોનમબેન ઉર્ફે સનમબેન કિરીટભાઈ, (૫) સવિતાબેન તે ઠાકોરભાઈ જેરામભાઈની વિધવા, (૬) શારદાબેન ઠાકોરભાઈ, (૭) અશોકભાઈ ઠાકોરભાઈ તથા (૮) ભરતભાઈ ઠાકોરભાઈનાઓએ** પોતાની સંયુક્ત માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

તા. ૨૧/૩/૨૦૨૬

હિતેશ જે. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત. મો.નં. ૯૭૨૬૬ ૮૮૧૮૮

અસલ શેર-સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટિસ

શહેર સુરતના સીટી લાઈટ વિસ્તારમાં સીટી લાઈટ રોડ પર આવેલ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ ના નામથી ઓળખાતી ઈમારતો પૈકી ડી બિલ્ડીંગ ના આઠમા માળે આવેલ ફ્લેટ નં.ડી-૮૦૪ વાળી ફ્લેટવાળી મિલકત રીગલ કોર્પોરેશન એ રૂ.૧૦૦ ના એક એવા શેર જેનો અનુક્રમ નં. ૨૦ થી શેર સર્ટીફીકેટ તારીખ.૧૭.૧૦.૨૦૦૨ ના રોજ મૌલિક વિનયભાઈ શાહ ને ફાળવી આપેલ. મૌલિક વિનયભાઈ શાહ ના નામનુ આ અસલ શેર સર્ટીફીકેટ ઘણી શોધખોળ કરતા મળી આવેલ નથી અને ગેરવલ્લે થયેલ છે. અને તે સંજોગો માં સદરહ સોસાયટીમાંથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા અમો એ કાર્યવાહી કરેલ છે. અને તે સંજોગોમાં ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ અમોને ફાળવવામાં આવે તે માટે જો કોઈ વ્યકિત ને વાંધો વિરોધ કે તકરાર હોય તો જરૂરી લેખિત પુરાવા સહિત આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિન-૧૦ માં અમોને પુરા પાડવા. જેમાં કસુર થયે કોઈના હરકોઈ પ્રકારના દરદાવા, હકક, કલેઈમ યા તકરાર ન હોવાનું યા હોય તો વેવ કરેલો યાને છોડી દીધા હોવાનું ગણી ભવિષ્યમાં કોઈની હરકોઈ પ્રકાર ની તર- તકરાર ચાલશે નહી. અને અમો મૌલિક વિનયભાઈ શાહ ને સોસાયટી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ફાળવી આપશે જેની સર્વેએ નોંધ લેવી.

મૌલિક ઉર્ફે મિકી વિનયભાઈ શાહ

મારી મારફતઃ- **દિલીપ બી. પુરોહિત** (એડવોકેટ)
બી-૬, સંત જલારામ સોસાયટી, વેડરોડ, કતારગામ, સુરત.

વેચાણ/ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત **(૧) મોહનસિંહ પ્રભાતસિંહ તથા (૨) દિલીપસિંહ પભાતસિંહ** નાએ પોતાની માલીકી, કબજા ભોગવટાની અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસા હકક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડિસ્ટ્રીકટ.સુરત, સબ-ડિસ્ટ્રીકટ.પલસાણા, મોજેગામ.કરણ ના ખાતા નં.૧૦૦, રે.સ.નં.૨૫/૨, બ્લોક નં.૩૩, ક્ષેત્રફળ હે.આરે.૦-૯૧-૬૫ ચો.મી. આકાર રૂા.૬.૯૧ પૈસા વાળી બિનખેતી હેતુ માટે પ્રિમીયમને પાત્ર સત્તાપકારની ખેતીની જમીન, તા.૨૧/૦૩/૨૦૨૬

અમારી સુચના થી.... (૧) મોહનસિંહ પ્રભાતસિંહ (૨) દિલીપસિંહ પભાતસિંહ

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ સીટી તાલુકા, શહેર સુરતના **છાપગર શેરી, સગરામપુરા** વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નં.૨, નોંધ નં. ૪૩૬૮/૨ થી નોંધાયેલી જમીન અમલા ઈમારત સહિતની બાંધકામવાળી મીલકત,** જેનું જમીનનું **ક્ષેત્રફળ ૩૫.૫૩.૫૫ સમ ચો.મી.** છે તથા **બાંધકામનું કુલ્લે બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૧૦૧.૬૩૬ સમ ચો.મી.** છે. તે જમીન અમલા ઈમારત સહિતની મીલકત તેના પ્રત્યક્ષ કબજા ભોગવટા સહિતની ઉચે આકાશથી નીચે પાતાળ સુધીની મીલકત **(૧) સુમિત્રા રમેશચંદ્ર રાણા તથા (૨) રમેશચંદ્ર ધનસુખલાલ રાણા**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું તથા સદરહું મીલકત બાબતના જુના અસલ દસ્તાવેજો તથા તેની અસલ આર.આર.રસીદો ગુમ થયેલ હોવાનું જણાવી તેઓ સદર મીલકત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે મોટો વેચાણ અવેજ ચુકવી આપેલ છે અને અમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે. સદરહું મીલકત બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, બોજો, લીયન કે કબજો હોય, કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૩** માં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદ્દત વિત્યેથી કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, બોજો, લીયન નથી અથવા છોડી દીધો છે તેવું માની અમારા અસીલ સદરહું મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અટકાયત ચાલશે નહી. તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૧-૦૩-૨૦૨૬
ઓફીસ : ૩/૧૮૩૯, દુકાન નં.૧,ગ્રાઉન્ડ ફ્લોર, ધામલાવાડ શેરી નં.૧, મહાલક્ષ્મી મંદિર પાસે, સલાબતપુરા, સુરત. મો.૯૭૨૪૨ ૪૧૨૪૨

પિયુષ ચંપકલાલ રાણા તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

વેચાણ અંગેની જાહેર નોટીસ આથી જાહેર નોટી